## એગ્રોનોમી વિભાગ,બં. અ. કૃષિ મહાવિદ્યાલય,આ.કૃ.યુ., દ્વારા 'પ્રાકૃતિક કૃષિ' અંગેનો તાલીમ કાર્યક્રમ યોજાવામાં આવ્યો

મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિને ગુજરાત તથા દેશ લેવલે મોટા પાયે ખેડૂતો અપનાવે તે માટેના સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે. જે અન્વયે માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાનાં માર્ગદર્શન હેઠળ એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૧૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

એગ્રોનોમી વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતો માટેની આયોજીત આ ૧૦૦મી તાલીમ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાનાં હસ્તે કરવામાં આવ્યો. જેમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના કુલ ૪૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. સાહેબશ્રીએ તાલીમનો મુખ્ય ઉદેશ્ય તથા પ્રાકૃતિક કૃષિની જરૂરિયાત વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. વધુમાં પ્રાકૃતિક કૃષિમાં અધ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે તેવા આશયથી ડ્રોન દ્વારા જીવામૃતનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. જેમાં ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી; ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી; ડૉ. એન. આઈ. શાહ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષ (કૃષિ) અને શ્રી દિક્ષીતભાઈ પટેલ, સંયોજક, પ્રાકૃતિક કૃષિ, ગુજરાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

એગ્રોનોમી વિભાગના પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલ દ્વારા પ્રાકૃતિક કૃષિની વ્યાખ્યા અને તેના સિદ્ધાંતો તેમજ પોષણની દ્રષ્ટીએ હલકા ધાન્ય પાકો વિશે વિગતવાર માહિતી આપી હતી. વિશ્વમાં હાલ તૃણ ધાન્ય વર્ષની ઉજવણી કરવામાં આવી રહેલ હોઈ તાલીમાર્થીઓને સદર બાબતે અવગત કરાવવા તેમજ પ્રત્યક્ષ રીતે પાકને ઓળખી શકે તે હેતુસર મીલેટવાટિકાની પણ મુલાકાત કરાવવામાં આવી હતી.

સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ પ્રાકૃતિક ખેતીના આયામ જેવા કે પોષણ વ્યવસ્થામાં જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દસપર્ણિ અર્ક તથા આચ્છાદન, મિશ્રપાકો અને સહજીવી પાકોની પસંદગી અને દેશી ગાયનું મહત્વ વગેરે વિષયના નિષ્ણાંતો દ્વારા ખેડૂત સમુદાયને વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવેલ તથા બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દસપર્ણિ અર્ક વિગેરેની પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવી હતી જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફ અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ–શાકભાજી-ફળ વગેરે ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકે.

તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિષે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા; અરુણભાઈ શાહ, સંજીવની ફાર્મ, પીપળાતા તથા ગાયત્રીબેન પટેલ, વંશ ડેરી ફાર્મ, અજરપુરા તેમજ એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિ સંશોધનોના અખતરાઓની પણ રૂબરૂ

મુલાકાત કરાવવામાં આવી હતી. મુલાકાત બાદ તાલીમાર્થીઓએ પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રરિત થયા છે તેવો આત્મવિશ્વાસ બતાવ્યો હતો.

તાલીમ કાર્યક્રમના અંતમાં એગ્રોનોમી વિભાગનાં પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ, ડૉ. જે. સી. શ્રોફ, ડૉ. વી. ડી. ચૌધરી તથા ડૉ. વી. વાય. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલહતા.

## પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી



















પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ
પ્રાકૃતિક કૃષિ તાલીમ




DEPARTMENT OF AGRONOMY
B.A. COLLEGE OF AGRICULTURE
શસ્ય વિજ્ઞાન વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય